**પેટા તિજોરી કચેરીઓના કર્મચારી / અધિકારીઓના પગાર / ભથ્થા બીલના ચુકવણા જિલ્લા કક્ષાએથી કરવા બાબત.**

**હિસાબ અને તિજોરી નિયામકની કચેરી**

ગુજરાત રાજય, **'વીમા અને લેખા ભવન'**,

બ્લોક નં.૧૭, ડો.જીવરાજ મહેતા ભવન સંકુલ, ગાંધીનગર.

**ક્રમાંક : હિતિનિ/ટીસી/ફા.૧૨૬/૧૧૧૩/ ૬૦૭૪- ૬૦૭૭**

તારીખ :૨૩- ૧૦ –૨૦૧૨

:: **પરિપત્ર નંબર : ૧૧/ ૨૦૧૨**

વંચાણે: લીધોઃ–(૧) નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃ તજર/૧૦૦૫/૨૪૧/ઝ તા.૨૧/૭/૨૦૦૫.

(૨) માન. સચિવશ્રી (આ.બા.) ની અધ્યક્ષતામાં યોજાયેલ મીટીગ તા.૧/૫/૨૦૧૨ ના રોજ ચર્ચા થયેલ મુદા.

(૩) તા.૩૦/૬/૨૦૧૨ ના રોજ યોજાયેલ શ્રેયાન / જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ / પગાર અને હિસાબ અધિકારીશ્રીઓની બેઠકની કાર્યવાહી નોંધ.

(૪) સંયુકત સચિવશ્રી, (તિજોરી) નાણા વિભાગ નો પત્ર ક્રમાંકઃ તજર/૧૦૨૦૧૨/૨૭૫/ઝ તા.૧/૧૦/૨૦૧૨

- ઉપાડ અધિકારીઓની સંખ્યા નિયંત્રિત કરવા બાબતના નાણા વિભાગના વંચાણે લીધેલ તા.૨૧/૭/૦૫ ના ઠરાવ અન્વયે પેટા તિજોરી અધિકારીઓને ઉપાડ અધિકારી તરીકે અધિકૃત કરવામાં આવેલ છે.
- માન. સચિવશ્રી (આ.બા.) ની અધ્યક્ષતામાં તા.૧/૫/૧૨ ના રોજ યોજાયેલ મીટીંગમાં કર્મચારી / અધિકારીઓના પગારના ચુકવણા કેન્દ્રીયકૃત ધોરણે જિલ્લા કક્ષાએ કાર્યરત કચેરીના વડા મારફતે કરવા સૂચન થયેલ હતું.
- તા.૩૦/૬/૧૨ ના રોજ યોજાયેલ શ્રેયાન / જિલ્લા તિજોરી અધિકારીશ્રી/ પગાર અને હિસાબ અધિકારીશ્રીઓની બેઠકમાં ખાતાના અન્ય મુદાઓની ચર્ચામાં તમામ પેટા તિજોરી કચેરીઓના કર્મચારી / અધિકારીઓના પગાર / ભથ્થાના બીલોના ચુકવણા જિલ્લા તિજોરી કચેરી ખાતેથી કરવા નિયત કરવામાં આવેલ.
- વંચાણે લીધેલ અ.નં.૪ના પત્રથી મળેલ મંજુરી અન્વયે માહે ઓકટોબર-૨૦૧૨ પેઈડ ઈન નવેમ્બર-૨૦૧૨ થી જિલ્લા તિજોરી કચેરીના કર્મચારી / અધિકારીઓના પગાર / ભથ્થા બીલની જેમ જ તમામ પેટા તિજોરી કચેરીના કર્મચારી/ અધિકારીઓના પગાર / ભથ્થા બીલ સંબંધિત જિલ્લા તિજોરી કચેરી ખાતે બનાવી જિલ્લા તિજોરી કચેરી ખાતેથી ઉગવવાના રહેશે. તેમજ પેટા તિજોરી કચેરીના કર્મચારી/ અધિકારીઓના પગાર / ભથ્થાના ચુકવણા તેઓએ દર્શાવેલ બેંક ખાતામાં જિલ્લા તિજોરી કચેરી દ્વારા જમા કરાવવાના રહેશે. તેમજ જે તે માસના પગાર બીલ જે તે માસની ૨૩ મી તારીખ પહેલા દાખલ કરવાના રહેશે.

- પેટા તિજોરી કચેરીના મહેકમ આધારિત પગાર / ભથ્થા બીલો મંજુર કરી ઉપાડવાની સત્તા હવેથી પેટા તિજોરી અધિકારીને રહેશે નહી.
- ઉપરોક્ત સિવાયના અન્ય બીલો માટેની કામગીરી માટે પેટા તિજોરી અધિકારી, ઉપાડ અને વહેંચણી અધિકારી તરીકે વંચાણે લીધેલ (૧) ના ઠરાવની જોગવાઈ મુજબ અધિકૃત ગણાશે.
- નાણા વિભાગના તા.૯/૩/૨૦૧૦ના પરિપત્ર ક્રમાંકઃ તજર/૧૦૨૦૧૦/૫૨/ઝ (નાણાં વિભાગની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.) ની સૂચનાઓનો અમલ કરવાનો રહેશે.
- બીલોના નિકાલ સંબંધિત લાગુ પડતા પ્રવર્તમાન નિયમો, પરિપત્રો તથા વખતોવખતની અત્રેની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
- પેટા તિજોરી અધિકારીઓને પગાર બીલ / અન્ય બીલો માટેના ચૂકવણા અંગે ફેરફારીત પધ્ધતિની જાણ જિલ્લા તિજોરી કચેરી કક્ષાએથી કરવાની રહેશે.

**નિયામક**

- **<u>નકલ સવિનય રવાનાઃ–</u>**

સંયુકત સચિવશ્રી, (તિજોરીઓ) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વંચાણે લીધેલ તા.૧/૧૦/૨૦૧૨ ના પત્ર અનુસંધાને જાણ સારુ.

- **નકલ રવાનાઃ–**

૧. સંયુકત નિયામકશ્રી, ઈ.ડી.પી.સેલ, હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર તરફ જાણ તેમજ ઘટીત કાર્યવાહી સારૂ.
૨. શ્રેયાન / તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી, ...................... (તમામ) તરફ જાણ અને અમલ સારું.
૩. પેટા તિજોરી અધિકારીશ્રી, પેટા તિજોરી કચેરી, ......................(તમામ) સંબંધિત જિલ્લા તિજોરી કચેરી મારફત જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારુ.
૪. પગાર અને હિસાબ અધિકારીશ્રી, પગાર અને હિસાબ કચેરી, અમદાવાદ/ ગાંધીનગર તરફ જાણ સારુ.
૫. તિજોરી અધિકારીશ્રી, પેન્શન ચૂકવણા કચેરી, અમદાવાદ/ ગાધીનગર તરફ જાણ સારુ.
૬. તિજોરી અધિકારીશ્રી, વિભાગીય તિજોરી કચેરી, અમદાવાદ તરફ જાણ સારુ.
૭. નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી, નિધિ નિરીક્ષણ શાખા, હિ.તિ.નિ.કચેરી, ગાંધીનગર
૮. પસંદગી ફાઈલ.